**અમદાવાદ (ગ્રામ્ય) ના સાતમાં એડી. સીવીલ જજ અને જયુડી.મેજી.ફ.ક.સાહેબશ્રીની કોર્ટમાં, અમદાવાદ**

ક્રિમિનલ કેસ નં.૬૭૨/૨૦૨૦

આંક:–.......૫..................

ફરીયાદી : શ્રી સરકાર

વિરૂઘ્ધ

આરોપી : અનીરુઘ્ધ વિહુભા સોલંકી

**ગુનો: ઈ.પી.કો. કલમ ૨૮૩ મુજબ**

**ચુકાદો**

૧. સદર કામે ફરિયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામનો આરોપી જાહેર રોડ ઉપર ટ્રાફિકને તથા રાહદારીઓને અડચણરૂપ થાય તે રીતે તેમજ ટ્રાફિકમાં અકસ્માતનો ભય પેદા થાય તે રીતે મળી આવી પકડાઈ જઈ ગુન્હો કરેલો છે.

૨. જે અંગેની ફરિયાદ વસ્ત્રાપુર પો.સ્ટે. નોંધી જરૂરી તપાસ કરી આરોપીને અટક કરેલો અને આરોપી સામે ગુન્હો બન્યાનું જણાતા આ અદાલત સમક્ષ ઈન્સાફી કાર્યવાહી સારૂ ચાર્જશીટ રજૂ કરેલ છે.

૩. આરોપી આજ રોજ મારી સમક્ષ હાજર થતા પ્રથમ તેમને પોલીસ તપાસના કાગળોની નકલો વિનામુલ્યે આપવામાં આવ્યા બાદ કેસના કાગળો વંચાણે લઈ ગુન્હા સંબંઘી આરોપીનુ આંક ..૩.. થી નિવેદન લેતા આરોપીએ ગુન્હાનો ઈકરાર કરેલો છે. આમ આરોપી પોતાની રાજીખુશી અને સ્વૈચ્છીકપણે પોતાનો ગુન્હો કબુલ મંજુર કરતા હોઈ હું આરોપીની ગુન્હા કબુલાત સ્વીકારૂ છુ અને આરોપીને ગુન્હેગાર ઠરાવુ છુ.

૪. વળી આરોપીએ આંક....4.. થી ગુન્હા કબુલાતની પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ તેમનો ગુન્હો કબુલ કરે છે. તે ગરીબ માણસ છે. તેમના કુટુંબમાં તે એક માત્ર કમાનાર વ્યકિત છે. જેથી તેની ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે.

૫. આમ આરોપી સામેનો ગુન્હો લક્ષમાં લેતા તથા આરોપીએ રજુ કરેલી દયાની અરજને લક્ષમાં લેતા આરોપીનો આ પ્રથમ ગુન્હો છે. અને તેના કુટુંબમાં તે એક માત્ર કમાનાર માણસ છે. તેવા સંજોગોમાં તેમણે દયાની અરજ ગુજારેલ છે. તેથી આરોપીને સજા નહી કરતા કોર્ટ ઉઠતા સુધીની સજા અંગે દંડ કરવાનુ યોગ્ય માનુ છુ. તેથી ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ ફરમાવુ છુ.

**હુકમ**

સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.ક.૨૫૨ મુજબ તેમની સામેના ઇ.પી.કો. કલમ ૨૮૩ મુજબના ગુન્હા માટે ગુન્હેગાર ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને દંડ રૂપીયા ........**૨૦૦**..../-નો દંડ, અને દંડ ન ભરે તો વઘુ દિન-૨ની સાદી કેદનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૦૬ મી માહે એપ્રિલ, ૨૦૨૧ ના રોજ જાહેર કર્યો.

તારીખ:૦૬/૪/૨૦૨૧
અમદાવાદ (ગ્રામ્ય)

(પૃથુ શર્મા)
સાતમાં એડી. સીવીલ જજ
અને જયુ.મેજી.ફ.ક.,
અમદાવાદ (ગ્રામ્ય) મિરઝાપુર